This Question Paper contains 4 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. :

# 139(G)

**(March, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 47 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક આપેલા છે.
3) પ્રશ્નની જમણી બાજુએ લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નોની સૂચના પ્રમાણે ઉત્તર લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1થી 10 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) ભારતનો સર્વોચ્ચ નાગરિક એવોર્ડ કયો છે ?

(A) ભારત રત્ન (B) ખેલ રત્ન

(C) પદ્મશ્રી (D) પદ્મ વિભૂષણ

2) આદિવાસી સંસ્કૃતિમાં શાનાં દર્શન થાય છે ?

(A) જીવન રીતિ (B) માન્યતા

(C) રિવાજો (D) ઉપર્યુક્ત તમામના

3) અનુસૂચિત જાતિનું સૌથી વધુ પ્રમાણ કયા રાજ્યમાં છે ?

(A) પંજાબ (B) અરુણાચલ

(C) મેઘાલય (D) બિહાર

4) 1901 માં ભારતમાં જાતિનું પ્રમાણ કેટલું હતું ?

(A) 954 (B) 946

(C) 972 (D) 952

5) સંસ્કૃતિકરણ માટે શ્રીનિવાસે સૌ પ્રથમ કયો શબ્દ પ્રયોજયો છે ?

(A) પશ્ચિમીકરણ (B) બ્રાહ્મણીકરણ

(C) ઈસ્લામીકરણ (D) એકપણ નહિ



https://www.gujaratboardonline.com

6) ફિલ્મ જગતનો પ્રતિષ્ઠિત એવોર્ડ કોના નામ આપવામાં આવે છે ?

(A) દાદા સાહેબ ફાળકે (B) રાજકપૂર

(C) પૃથ્વીરાજ કપૂર (D) લતા મંગેશકર

7) બ્રહ્મ સમાજની સ્થાપના કોણે કરી હતી ?

(A) મહર્ષિ કર્વે (B) કરસનદાસ મૂળજી

(C) કવિ નર્મદ (D) રાજા રામ મોહનરાય

8) "પંચાયતી રાજની સ્વતંત્રતા પાયાથી શરૂ થવી જોઈએ." આ વિધાન કોનું છે ?

(A) જવાહરલાલ નહેરું (B) મહાત્મા ગાંધીજી

(C) લોર્ડ મેયો (D) બળવંતરાય મહેતા

9) ઘરેલું હિંસા અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

(A) 2008 (B) 2007

(C) 2006 (D) 2005

10) 'વિશ્વ એઈડ્સ દિન'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 1 લી ઓક્ટોબર (B) 11 મી ડીસેમ્બર

(C) 1 લી ડીસેમ્બર (D) 11 મી સપ્ટેમ્બર

## વિભાગ - B

**નીચેના આપેલા 11 થી 20 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે. [10]**

11) બૌદ્ધ ધર્મનું ધાર્મિક પુસ્તક કયું છે ?

12) અનુસૂચિત જાતિનું સૌથી ઓછું પ્રમાણ કયા રાજયમાં છે ? અને કેટલા ટકા છે ?

13) જાદુના પ્રકારના નામ જણાવો.

14) સાઇકલ સહાય યોજનાનો લાભ કોને આપવામાં આવે છે ?

15) સંસ્કૃતિનું સમન્વયીકરણ કઈ પ્રક્રિયાથી થાય છે ?

16) વિશ્વમાં સૌ પ્રથમ પ્રિન્ટીંગ પ્રેસનો પ્રારંભ ક્યાં અને કોણે કર્યો ?

17) ભારતમાં રંગીન ટેલિવિઝનનો પ્રારંભ ક્યારે થયો છે ?

18) પંચાયતી રાજનું ત્રિ-સ્તરીય માળખું કઈ સમિતિએ આપેલું છે ?

19) બોસ્ટલ શાળાની સૌ પ્રથમ સ્થાપના ક્યાં થઈ ?

20) "HIV" શબ્દનો પૂરો અર્થ આપો.



https://www.gujaratboardonline.com

## વિભાગ - C

■ નીચેના આપેલા 21 થી 31 પ્રશ્નોના સંક્ષિપ્તમાં ઉત્તર લખો. દરેક પ્રશ્નના 2 ગુણ છે. [22]

21) ભારતમાં અપાતા ભારતીય સેનાના એવોર્ડ કયા કયા છે ?

22) 'ટોટેમવાદ' એટલે શું ?

23) લિંગ પ્રમાણ એટલે શું ?

24) ડેવિડ બર્ગોનું "S.M.C.R." પ્રત્યાયન મોડલ જણાવો.

**અથવા**

મુદ્રિત માધ્યમોના નામ જણાવો.

25) પરંપરાગત સંચાર માધ્યમોના નામ જણાવો.

26) પ્રતિરોધાત્મક સામાજિક આંદોલનના ઉદાહરણો જણાવો.

27) વિરોધાત્મક સામાજિક આંદોલન એટલે શું ?

28) જવાહરલાલ નહેરુ પંચાયતી રાજ વિશે શું કહે છે ?

29) સમાજ વ્યવસ્થાની જાળવણી માટે કયા બે પ્રકારના ધોરણો જોવા મળે છે ?

30) યુવા અજંપાનો અર્થ જણાવો.

31) 'ઓનર કિલિંગ' કોને કહેવાય ?

**અથવા**

અસમાન જાતિ પ્રમાણ એટલે શું ?

## વિભાગ - D

■ **નીચેના આપેલા 32 થી 42 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [33]

32) શીખ સમુદાયનું ધાર્મિક પુસ્તક કયું છે ? તેમના ધર્મના પાંચ 'ક' કોને કહે છે ?

33) ભારતની આદિમ જાતિઓનું વર્ગીકરણ ભૌગોલિક રહેઠાણની દૃષ્ટિએ આપો.

34) સ્ત્રી-કલ્યાણલક્ષી કાનૂનના કોઈપણ છ નામ જણાવો.

35) ટૂંકનોંધ લખો : સ્ત્રીઓના બંધારણીય અધિકારો.

36) પ્રભાવી જ્ઞાતિના માપદંડો કયા છે ?



https://www.gujaratboardonline.com

37) 'કમ્પ્યુટર' વિશેનો ટૂંકમાં પરિચય આપો.

**અથવા**

'મોબાઈલ' વિશેનો ટૂંકમાં પરિચય આપો.

38) ગ્રામ પંચાયતના કાર્યો જણાવો.

39) પંચાયતી રાજની નકારાત્મક સામાજિક અસરો જણાવો.

40) 'સુધાર શાળાઓ' નો ટૂંકમાં પરિચય આપો.

41) 'પ્રોબેશન' વિશે ટૂંકનોંધ લખો.

42) 'AIDS' એટલે શું ? એઇડ્સ કેવી રીતે ફેલાય છે ?

**અથવા**

'એઇડ્સ' કેવી રીતે ફેલાતો નથી ?

## વિભાગ - E

**નીચેના આપેલા 43 થી 47 પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

43) ભારતનું સાંસ્કૃતિક વૈવિધ્ય જણાવો.

44) ગ્રામીણ સમુદાયનો અર્થ અને લક્ષણો સમજાવો.

45) સંસ્કૃતિકરણની પ્રક્રિયાના પાંસા જણાવો. (કોઈપણ પાંચ)

**અથવા**

વૈશ્વિકરણના લક્ષણો જણાવો. (કોઈપણ પાંચ)

46) સુધારાવાદી સામાજિક આંદોલન અને ક્રાંતિકારી સામાજિક આંદોલન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**અથવા**

સામાજિક આંદોલનનો અર્થ આપી તેના લક્ષણો જણાવો.

47) બાળ અપરાધના વ્યક્તિગત અને મનોવૈજ્ઞાનિક કારણો વિગતે ચર્ચો.

**અથવા**

યુવા અજંપાના સામાજિક કારણોની વિગતે ચર્ચા કરો.

◆◆◆



https://www.gujaratboardonline.com